# રાજપૂત સમાજના નવીન ભવનનું ભૂમિપૂજન કરાયું

ગાંધીનગર, તા. ૨
ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતેના રાજપૂત સમાજ ભવન ખાતે સાણંદના શંકરતિર્થના સંત પૂ. આનંદમૂર્તિજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૧લી ડિસેમ્બર રવિવારે સમાજના નવીન ભવનના નિર્માણનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, રાજપૂત સમાજના પૂર્વ પ્રમુખ ગણપતસિંહ પરમાર, કેશરીસિંહ વાઘેલા. પી.પી. બિહોલા, વનરાજસિંહ ચાવડા સહિત સમાજના અગ્રણીઓ-મહિલાઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



રવિવારે રાજપૂત સમાજના સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતુ તે દરમ્યાન આ ભૂમિપૂજન કાર્યક્રમ હાથ ધરાયો હતો. પૂ. આનંદમૂર્તિજી મહારાજે સમાજને સંબોધન કરતા ''ક્ષાત્રધર્મ'' અંગે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. અને ક્ષત્રિયોને સમાજના દરેક ક્ષેત્રે નેતૃત્વ પુરૂ પાડવા આહવાન કર્યુ હતુ. રાજપૂત સમાજના નવીન સૂચિત ભવનના નિર્માણ માટે પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાએ આ પ્રસંગે રૂ. પાંચ લાખનું દાન જાહેર કર્યુ હતુ તેમજ સમાજના અન્ય દાતાઓને આ માટે દાન આપવા હાંકલ કરી હતી. આ પ્રસંગે સમાજના પ્રમુખ લાલસિંહ વાઘેલા દ્વારા સૂચિત ભવનની વિગતવાર માહિતી આપી હતી અને એક વર્ષમાં નિર્માણ કાર્ય પુરૂ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ગાંધીનગર જિલ્લા પ્રમુખ દશરથસિંહ વાઘેલાએ સમાજના સમૂહલગ્ન અંગે માહિતી આપવા સાથે સૂચિત ભવનના નિર્માણ માટે રૂ. ૫૧ હજારનું દાન જાહેર કર્યુ હતુ. કાર્યક્રમના સમાપને જિલ્લા મહામંત્રી ભીખુસિંહ બિહોલાએ



આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન મહામંત્રી હિતેન્દ્રસિંહ રાઓલે કર્યુ હતુ.



## ઈન્ફોસીટી શુટીંગ વોલીબોલ કલબ (આઈએસવીસી) દ્વારા વોલીબોલ સ્પર્ધા યોજાઈ

તાજેતરમાં ઈન્ફોસીટી શુટીંગ વોલીબોલ કલબ દ્વારા વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં રાજયભરમાંથી ૨૨ ટીમોએ ભાગ લીધો હતો. આ વોલીબોલ ટુનાર્મેન્ટની રીબીન કાપી મનપાના ડે.મેયર નાજાભાઈ ઘાંઘરે પ્રારંભ કરાવ્યો હતો. મનપાના ડે.મેયર નાજાભાઈ ઘાંઘર દ્વારા તમામ ખેલાડીઓની મુલાકાત લીધી હતી અને ખેલાડીઓને પ્રોત્સાહીત કર્યા હતા. વોલીબોલની મેચ દરમિયાન ખેલાડીઓનો ઉત્સાહ વધારવા માટે તેઓ હાજર રહ્યા હતા. તે ઉપરાંત ખેલાડીઓ માટે ભોજન વ્યવસ્થામાં ડે.મેયર નાજાભાઈનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. જયારે વિજેતા ટીમને ઈનામ આપી પ્રોત્સાહીત કરાઈ હતી. જયારે ઈન્ફોસીટી શુટીંગ વોલીબોલ કલબ(આઈએસવીસી)ના સૌ સભ્યોએ ડે.મેયર નાજાભાઈનો આભાર વ્યકત કર્યો હતો.

# ડીપીએસની માન્યતા રદ થતાં વાલીઓનો શાળા પર ધસારો

અમદાવાદ, તા.૨
નિત્યાનંદ આશ્રમ મામલાને લઈને ડીપીએસની માન્યતા સીબીએસઈ દ્વારા રદ કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓ હચમચી ઉઠ્યા છે જેના ભાગરુપે સ્કુલ ઉપર સવારથી જ જોરદાર ધસારો શરૂ થયો હતો. સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. માન્યતા રદ થતાં સ્કુલની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. આજે સવારથી જ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ સ્કૂલે રજૂઆત કરવા પહોંચ્યા હતા. ત્યારબાદ વાલીઓ અને શાળાના પ્રિન્સિપાલ વચ્ચે યોજાયેલી બેઠકમાં પ્રિન્સિપાલે વાલીઓને હૈયાધારણા આપી છે કે, આવતીકાલથી ધો. ૧થી ૮ રાબેતા મુજબ શરૂ કરાશે. અન્ય વર્ગો શરૂ કરવા માટે શિક્ષણ વિભાગને રજૂઆત કરાશે. જયારે વાલીઓએ જણાવ્યું હતું કે તેમના બાળકોના ભવિષ્ય પર અસર ન થવી જોઈએ. મેનેજમેન્ટની ભૂલ હોય તો તેઓ જેલમાં જાય. વાલીઓએ ડીપીએસ મેનેજમેન્ટ પરત્વે જોરદાર આક્રોશ વ્યકત કર્યો હતો. જયારે વાલીઓએ માંગ કરી હતી કે, રાજય સરકાર પોતાના હસ્તક આ સ્કૂલ લઈ અને ચલાવે અને જો આ માંગ નહીં સ્વીકરવામાં આવે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. વાલીઓની એવી પણ રજૂઆત હતી કે સ્કૂલ અને સીબીએસઈ વચ્ચેના વિવાદમાં તેમના પાલ્યોનું ભવિષ્ય અંધકાર તરફ ધકેલાઈ રહ્યું છે. સીબીએસઈ દ્વારા ડીપીએસની માન્યતા રદ કરવા અંગેનો નિર્દેશ જારી થતાં જ સ્કૂલ મેનેજમેન્ટને ખબર હતી કે સોમવારે વાલીઓના ધાડેધાડા સ્કૂલમાં ઉમટી આવશે. આ કારણે જ સ્કૂલ મેનેજમેન્ટ તરફથી વાલીઓને સોમવારે સવારે જ તમામ વાલીઓને એવો મેસેજ મોકલવામાં આવ્યો હતો કે, આજે વહીવટી કામકાજને લીધે સ્કૂલમાં રજા રહેશે અને વાલીઓએ પણ સ્કૂલમાં ધસી આવવું નહીં કારણ કે પ્રિન્સિપાલ વ્યસ્ત હોવાથી તેમને મળી શકશે નહીં. આને કારણે વાલીઓમાં વધુ ચિંતા વ્યાપી હતી.

### વિચારયાત્રા ● ચોથા પાનાનું ચાલુ

અને નૈતિક મુલ્યપરક સાહિત્યથી તેમને અવગત કરાવવા પડશે. નૈતિકમૂલ્ય પરક શિક્ષણ પર ઝોક વધારવો પડશે. માતા-પિતા અને શિક્ષકના સહિયારા પ્રયાસથી બાળકોને સ્પર્ધાત્મક યુગમાં નૈતિક મૂલ્યોનુ પણ ખૂબ મહત્વ છે. તે સમજાવવું પડશે. જ્યાં સુધી આ બદલાવ અંદરથી નહીં આવે ત્યાં સુધી નિર્ભયા પહેલી પીડિતા નહોતી કે પ્રિયંકા અંતિમ પીડિતા નહીં હોય.

આપણા બાળકોને જટાયુપણું શીખવીએ. અન્યાય સામે બાથ ભીડી લેવાનું શીખવવું જ રહ્યું. બાળકોને ચૂપચાપ અન્યાય થથો જોઈને ચાલતી પકડી લેવાની ભાગેડું માનસિકતામાંથી બહાર લાવવા જ રહ્યા.

- jayuoza@gmail.com
Mo.9898046488

### આત્મનાદ ● ચોથા પાનાનું ચાલુ

વ્યક્તિ એના પાર્ટનરથી અલગ થવાનું વિચારે ત્યારે એની સ્મૃતિઓની તસવીરને પીંખવાનું એ પોતે જાતે નક્કી કરે છે.

લાગણીઓની મીઠાશ પ્રેમમાં ચરમસીમા પર હોય. વ્યક્તિ જ્યારે પ્રેમમાં હોય ત્યારે એવું લાગે કે, પંખી એમના માટે જ ગાય છે, રંગબેરંગી ફૂલ એમના માટે જ ખીલીને સુવાસ પ્રસરાવે છે. આસમાનના વાદળો એમના અરમાનો સાથે દોડે છે. ખરેખર તો વ્યક્તિની અંતરમનઃસ્થિતી પ્રેમસભર છે એટલે આ બધુ સુંદર અને આહલાદક લાગે છે. સો વાતની એક વાત એ છે કે, પ્રેમ વ્યક્તિના હૃદયમાં છે. એના પરિણામે બહારની તમામ વસ્તુમાં આનંદ આવે છે. વ્યક્તિના મન અને હૃદયમાં વિકસતા પ્રેમનું અંકુર દુનિયાને વધુ રંગીન અને હસીન બનાવે છે. બીજી કોઈ વ્યક્તિ તમારા હૃદયની સંવેદનાઓ જગાડવાની ચાવી તરીકે કામ કરતી હોય છે. જો ખરેખર વ્યક્તિ જાગૃત બનીને વિચારે કે, જ્યારે કોઈ તાળું જ નથી તો આવી બાહ્ય ચાવીઓની જરૂર જ ક્યાં છે ? રોજ સવારે આંખ ખુલે ત્યારે ઉત્સાહ, આનંદ અને મોજનો મહાસાગર ઉમડે તો બહારના કોઈ અવલંબનની જરૂર જ ક્યાં છે ? જ્યારે ખુશી બીજાઓ પાસેથી પ્રાપ્ત કરવાની આદત પડી જાય ત્યારે લાંબા સમયે આવો 'લવ અફેર' કંટાળાજનક અને ત્રાસદાયક બનવા લાગે છે. આનંદ કે દર્દ બીજી કોઈ વ્યક્તિ પાસેથી ક્યારેય મળતું નથી. એનું ઉદભવ સ્થાન વ્યક્તિના પોતાના હૃદયમાં જ હોય છે.

એક સાદી વાત છે કે, બે વ્યક્તિ વચ્ચેની સમજને તોડવી એટલે ડિવોર્સ. આમ પણ સંબંધો ક્યારેય સ્થાયી નથી હોતાં. સંબંધોમાં સતત બદલાવ આવતો હોય છે. પ્રતિદિન એમાં પરિવર્તનો થતાં હોય છે. પરિવર્તનશીલતા એ સંબંધોની વાસ્તવિકતા છે. સંબંધો ક્યારેય સ્થાયી રહી શકતા નથી. સ્થાયી સંબંધો માત્ર નિર્જીવ સાથે હોય છે. સંબંધો તો ખળખળ વહેતા ઝરણાંના પાણી જેવા પ્રતિપળ બદલાતા રહે છે. એમાં મોજથી વહેવાનું હોય. એક વાર સંબંધ બંધાય પછી એ ક્યારેય ભૂલી શકાતો નથી. કદાચ વાત કરવાનું અટકે તો પણ આંખના એક ખૂણામાં એ સદાય ખટકતો રહે છે અને કદાચ આંખમાંથી ખટકવાનું છટકે તો યાદોમાં તો હંમેશા રહે છે.

**ધબકાર :**

**ખુલાસો કરવો ગુનો નથી, ખોટી સમજણના પડળોમાં પડ્યા રહેવું એ ગુનો છે.**





## સિસિકા દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ અને રકતદાન કેમ્પ યોજાયો

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા પોલિસ અધિકારીની કચેરી ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ તથા રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં શહેરના ડોકટરની ટીમ દ્વારા દર્દીઓનું નિદાન કરાયું હતું. સિસિકા ગાંધીનગર દ્વારા નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ તથા રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના ફિઝિશ્યન ડૉ. દીનકર ગોસ્વામી, આંખ સર્જન ડૉ. તેજલ દલાલ, દાંત સર્જન ડૉ. સાકેત પટેલ, ફીઝીયોથેરાપીસ્ટ હાર્દિક તલાટી દ્વારા કુલ ૩૯૩ દર્દીઓનું નિઃશુલ્ક નિદાન કરવામાં આવ્યું હતું તથા સંસ્થાની ફરતા દવાખાનાની વાનમાં ફરજ બજાવતા મોતીલાલ ચૌહાણ દ્વારા ૧૯૦ પોલીસ કર્મચારીઓને દવાઓ પુરી પાડવામાં આવી હતી. સંસ્થા દ્વારા રકતદાન કેમ્પમાં પેથોલોજીસ્ટ ડૉ. પરાગી અશ્વિન જાની, સૌરભ જોષી અને સિસ્ટર સેજલબેને સેવાઓ પુરી પાડી હતી અને કુલ તેમના દ્વારા અગિયાર રકતની બોટલ એકઠી કરવામાં આવી હતી. આ કાર્યમાં સિસિકાના ડી.એમ. પરમાર, રસિકભાઈ ગાંધી, બી.પી. પ્રજાપતિ, સહયોગ મંડળના પ્રમુખ, પોલીસ અધિકારી કચેરીના એન.જે. સોલંકી, ડીવાયએસપી ટુંડીયા, ભરતસિંહ, પોપટજી, રોહિતદાસ, નવિનસિંહ, સિસિકા ગાંધીનગરના હોદ્દેદારો હસમુખભાઈ શાહ, અનિતાબેન રાણા, મીનાબેન શાહ, જસુબેન ઠકકર, અનિતાબેન રાણા, મીનાબેન શાહ, એચ.પી. ચૌહાણ, પલ્લવીબા, આઈ.બી. જોષી, એ.બી. શાહનો સંપૂર્ણ સહયોગ રહ્યો હતો.

# વડગામમાં પુરબિયા મોહલ્લામાં પ્રવેશદ્વારનું ખાત મુહૂર્ત કરાયું

## વડગામના યુવા અને જાગૃત સરપંચ દ્વારા પ્રવેશદ્વાર બનાવાશે

વડગામ, તા. ૨
વડગામ ખાતે આવેલા વાલ્મીકિ સમાજના મહોલ્લામાં પ્રવેશવાની જગ્યામાં પ્રવેશ દ્વાર બનાવવા માટે વર્ષોથી વાલ્મીકિ સમાજના લોકોની અપેક્ષાઓ હતી.

જેમાં ઘણા સમયથી વાલ્મિકી સમાજના લોકો દ્વારા અવારનવાર ચુંટણી સમયે અનેક આગેવાનો અને રાજનેતાઓ પાસે પ્રવેશ દ્વાર માટેની માંગણીઓ પણ કરાતી રહી હતી. પરંતુ આજદિન સુધી એક પણ રાજકીય આગેવાનો અને રાજનેતાઓ દ્વારા માત્ર ઠાલા દીલાસા અપાતા હતા અને ચુંટાયા પછી એક પણ નેતા દ્વારા વાલ્મીકિ સમાજના લોકોની માંગ સંતોષાતી ન હતી. પરંતુ વડગામના જાગૃત અને ઉત્સાહી સરપંચ ભગવાનસિહ પ્રતાપસિંહ સોલંકી દ્વારા



વડગામ બજારમાં આવેલા વાલ્મિકી સમાજના મહોલ્લામાં પ્રવેશવાના રસ્તા ઉપર પ્રવેશ દ્વાર પોતાના સ્વખર્ચે બનાવવા માટે ખાતમુહૂર્ત સરપંચના હસ્તે કરવામાં આવતા વાલ્મિકી સમાજના લોકોમાં આનંદ સાથે હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે.

### ઠંડુગાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાટનગર દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. હાલમાં કાતિલ ઠંડીથી રાહત મળે તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે. આજે સવારે ઉત્તર ભારતમાં હાલત કફોડી રહી હતી. હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં કેટલીક જગ્યાએ લઘુત્તમ તાપમાન માઈનસમાં રહ્યુ હતુ. ઉચાણવાળા વિસ્તારોમાં ચારેબાજુ બરફની ચાદર છવાયેલી છે. વિઝિબિલીટી પણ ઘટી ગઈ છે. જેના કારણે અકસ્માત પણ થયા છે. હવામાન વિભાગે કહ્યુ છે કે કાતિલ ઠંડી, ધુમ્મસની સાથે સાથે પ્રદુષણનુ સ્તર પણ ખુબ નીચે પહોંચી ગયુ છે.હાલમાં કોઈ ફ્લાઈટને કેન્સલ કરવા અથવા તો ડાયવર્ટ કરવાને લઈને કોઈ સમાચાર મળ્યા નથી. જો કે ટ્રેન સેવાને માઠી અસર થઈ છે. દિલ્હીથી ચાલતી કુલ ૨૭ ટ્રેનો મોડેથી દોડી રહી છે. દિલ્હી અને આસપાસના વિસ્તારમાં ગઈકાલે પણ કાતિલ ઠંડી રહી હતી. સપ્તાહના છેલ્લા દિવસે દિલ્હીમાં તાપમાન ગગડી ગયુ હતુ. હવામાન વિભાગે કહ્યુ છે કે સોમવારના દિવસે ધુમ્મસની ચાદર તમામ જગ્યાએ રહી હતી. બીજી બાજુ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા અને અન્યત્ર કાતિલ ઠંડી પડી રહી છે.છેલ્લા કેટલાક દિવસોમાં પારો ફરી એકવાર ઘટી રહ્યો છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં પારો માઈનસમાં પહોંચી જતા જનજીવન પર અસર થઈ રહી છે.

### સમીક્ષાનો હુકમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આદિવાસીઓએ તરફથી જોરદાર નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. જેમની જમીન અધિગ્રહણ કરવામાં આવનાર છે તેમના તરફથી વિરોધ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે આ સરકાર આમ આદમીની સરકાર છે. જેમ કે તમે પ્રશ્ન કર્યો છે કે અમે બુલેટ ટ્રેન યોજનાની સમીક્ષા કરીશુ તો તેનો જવાબ છે તેઓએ આર કાર શેડની જેમ બુલેટ ટ્રેન યોજનાને રોકી નથી. સમીક્ષા કરવાનો આદેશ કર્યો છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે સપ્ટેમ્બર ૨૦૧૭માં અમદાવાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબે દ્વારા ભારતની પ્રથમ બુલેટ ટ્રેન માટે પ્રોજેકટનુ શિલાન્યાસ કર્યુ હતુ. મોદીના ડ્રીમ પ્રોજેકટ પૈકી એક તરીકે આને ગણવામાં આવે છે. આ ડ્રીમ પ્રોજેકટ વર્ષ ૨૦૨૩ સુધી પૂર્ણ કરવાની યોજના છે પરંતુ તેમાં હવે વિલંબ થઈ શકે છે. આ પ્રોજેકટને લઈને ટ્રેક લેન્થ આશરે ૫૦૮ કિલોમીટર છે. જે મુંબઈના બીકેસીથી ગુજરાતના સાબરમતી સુધી જનાર છે. આ સંબંધમાં જુનમાં રેલવે પ્રધાન પિયુષ ગોયલે કહ્યુ હતુ કતે આ યોજના પર આશરે ૧.૦૮ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવનાર છે. આમાંથી ૮૧ ટકા રકમ જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી (જીકા)ના માધ્યમથી કરવામાં આવનાર છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ છે કે તેમની સરકાર રાજ્યની નાણાંકીય સ્થિતી પર શ્વેત પત્ર લાવનાર છે. તેમણે કહ્યુ હતુ કે રાજ્ય સરકાર જેના પર આશરે પાંચ લાખ કરોડ રૂપિયાનુ દેવુ છે તે ખેડુતોના દેવાને માફ કરવા માટે તૈયાર છે. આ પહેલા ઉદ્ધવ ઠાકરેએ મેટ્રો કાર શેડ નિર્માણ પર કામ રોકી દેવાની જાહેરાત કરી હતી. સાથે સાથે વિરોધ પ્રદર્શન કરી રહેલા જે પર્યાવરણ લોકો પર કેસ કરવામાં આવ્યા હતા તેમની સામેના કેસો પરત ખેંચવામાં આવનાર છે. આ ઘોષણા એવા સમય પર કરવામાં આવી છે જ્યારે રાજ્યમાં કોંગ્રેસ, એનસીપી અને શિવ સેનાની નવી સરકાર બની ચુકી છે. ઠાકરેના નેતૃત્વમાં મહારાષ્ટ્ર વિકાસ અઘાડીની સરકાર સત્તારૂઢ બની ચુકી છે. સરકારે હાલમાં વિશ્વાસ મત જીતી લીધો હતો. ઉદ્ધવે કહ્યુ હતુ કે પ્રતિશોધની રાજનિતી સાથે કોઈ પગલા લેવામાં આવનાર નથી. ગઈકાલે પહેલી ડિસેમ્બરના દિવસે કોંગ્રેસના ધારાસભ્ય નાના પટોલે મહારાષ્ટ્ર વિધાનસભાના નવા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. રાજ્ય વિધાનસભાની હજુ સુધી રહેલી પરંપરા મુજબ જ તેમની સર્વસંમતિથી પસંદગી કરવામાં આવી હતી. શિવસેના, એનસીપી અને કોંગ્રેસના નવા ગઠબંધન મહા વિકાસ અઘાડીએ તેમનો સંયુક્તરીતે સ્પીકર પદના ઉમેદવાર બનાવ્યા હતા. આ પહેલા વિપક્ષી દળ ભાજપે સ્પીકર પોસ્ટ માટે પોતાના ઉમેદવાર કિશન કઠોરેનું નામ છેલ્લી ઘડીએ પાછુ લઈ લીધું હતું. તે પહેલા મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની સરકારે ૩૦મી નવેમ્બરના દિવસે વિધાનસભામાં બહુમતિ પુરવાર કરી દીધી હતી. આની સાથે જ ઉદ્ધવ ઠાકરેની સરકારે પ્રથમ અડચણને દુર કરી દીધી હતી.

### ૪૦૦૦૦ કરોડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન બનાવવામાં આવ્યા હતા. હેગડેએ કહ્યુ છે કે તમામ લોકો જાણે છે કે મહારાષ્ટ્રમાં અમારી વ્યક્તિ ૪૦ કલાક માટે મુખ્યપ્રધાન બની હતી. ત્યારબાદ ફડનવીસે રાજીનામુ આપી દીધુ હતુ. તેઓએ આ ડ્રામા ખાસ હેતુ સાથે ખેલ્યો હતો. અમારી પાસે બહુમતિ ન હતી. તેમ છતાં મુખ્યપ્રધાન બનાવવામાં આવ્યા હતા. દરેક વ્યક્તિ આ સવાલ કરે છે. અનંત કુમાર હેગડેએ કહ્યુ હતુ કે ત્યાં મુખ્યપ્રધાનના નિયંત્રણમાં કેન્દ્ર સરકારના ૪૦ હજાર કરોડ રૂપિયા હતા. તેઓ જાણતા હતા કે જો કોંગ્રેસ-એનસીપી અને શિવસેનાની સરકાર સત્તામાં આવી જશે તો વિકાસ કામના બદલે તેનો દુરુપયોગ કરશે. આ જ કારણસર સમગ્ર નાટક કરવામાં આવ્યુ હતુ. ફડનવીસ મુખ્યપ્રધાન બન્યા હતા અને ૧૫ કલાકમાં જ કેન્દ્ર સરકારને ૪૦ હજાર કરોડ રૂપિયા પરત આપી દેવામાં આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટી અને શિવ સેના વચ્ચે તીવ્ર આકરા પ્રહારોનો દોર જારી રહ્યો છે. સરકાર સત્તારૂઢ થયા બાદ જુના આદેશ અને યોજનાને બદલી નાંખવાની કામગીરીમા લાગેલી છે. બુલેટ ટ્રેન પ્રોજેકટની સમીક્ષા માટેના આદેશ પણ જારી કરવામાં આવ્યા છે.

## સાબરકાંઠાના સમાચાર

### જુના ખેડાવાડામાં યુવાનને મનમાં લાગી આવતા ગળાફાંસો ખાઈ લીધો

હિંમતનગર તાલુકાના જુના ખેડાવાડા ગામે રહેતા એક યુવાનને શનિવારે સાત જણાએ તુ કઈ કામ ધંધો કરતો નથી અને અમને સારી રીતે રાખતો નથી. તેમ કહેતા આ યુવાનને મનમાં લાગી આવ્યું હતું. જેથી ઘરમાં ગળાફાંસો ખાઈને પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. ત્યારબાદ આ સાત જણાએ મરી જવાની દુષ્પ્રેરણા આપવા બદલ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે જુના ખેડાવાડા ગામના કાનજીભાઈ મગનભાઈ ચમારે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ રેણુકાબેન નરેશભાઈ પરમાર, નરેશભાઈ જેઠાભાઈ પરમાર, લાડુબેન નરેશભાઈ પરમાર, મુકેશભાઈ નરેશભાઈ પરમાર, નિશાબેન ઉર્ફે જીગીશાબેન નરેશભાઈ પરમાર, હરેશભાઈ મનાભાઈ પરમાર તથા શામળભાઈ પરમાર મોટી વહુએ ભેગા મળીને શનિવારે સુરેશભાઈ કાનાભાઈ પરમારને તમે કઈ કામધંધો કરતા નથી અને તમો સારી રીતે રાખતા નથી.

આ સાત જણાએ આવુ કહેતા સુરેશભાઈ ચમારને મનમાં લાગી આવ્યું હતું. જેથી શનિવારે સાંજે છ વાગ્યાના સુમારે તેમણે પોતાના ઘરમાં ટેલીફોનનો વાયર લોખંડની પાઈપ સાથે બાંધીને જાતે ગળાફાંસો ખાઈ લીધો હતો. જે બદલ આ સાતેય જણાએ મરી જવાનો દુષ્પ્રેરણા અને માનસિક ત્રાસ આપતા કાનજીભાઈ પરમારે સાતેય જણા વિરૂદ્ધ રવિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### વિજયનગરના નવાગામ ઘનેલામાં રસ્તા બાબતે ઝઘડો થતા ચાર વિરૂદ્ધ ફરીયાદ

વિજયનગર તાલુકાના નવાગામ ઘનેલા ખાતે શનિવારે રસ્તા બાબતે ઝઘડો થતા આ ચારેય જણાએ ભેગા મળીને પથ્થરો મારી એક ઈસમને ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગેની ફરીયાદ રવિવારે વિજયનગર પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે નવા ઘનેલા ગામના મનજીભાઈ રત્નાજી નીનામાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ શનિવારે ગામના જ ચંદુભાઈ નકુજી ચોલવીયા, મુકેશભાઈ ચંદુભાઈ ચોલવીયા, કિરીટભાઈ ચંદુભાઈ ચોલવીયા તથા છગનભાઈ ભુરાજી ચોલવીયાએ ભેગા મળીને મનજીભાઈ નીનામા સાથે અગાઉ રસ્તા બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખી તેમને તથા બાબુભાઈ રત્નાજી નીનામા પર પથ્થરોથી હુમલો કરી ઈજા પહોંચાડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મનજીભાઈ નીનામાએ ચારે જણા વિરૂદ્ધ રવિવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### હિંમતનગર ખાતે વિચરતી વિમુક્ત જનજાતિની બેઠક મળી

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગર ખાતે રવિવારે વિચરતી વિમુક્ત જનજાતિના લોકોને સરકારની વિવિધ યોજના અંગે જાણકારી મળે અને તેઓ વધુમાં વધુ લાભ લઈ શકે તે આશયથી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં અખિલ ભારતીય વિચરતી વિમુક્ત જનજાતિ વેલફેર સંઘ ગુજરાત પ્રદેશના હોદ્દેદારોએ ઉપસ્થિત રહીને સરકારની યોજનાકીય માહિતી, હક્ક અને અધિકાર માટે જાગૃત રહેવા અનુરોધ કર્યો હતો. તથા શિક્ષણ, આવાસ તથા વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

### હિંમતનગરના સ્વામીનારાયણ મંદિરમાં પાટોત્સવ ઉજવાશે

હિંમતનગરના કાંકણોલ સ્થિત બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે તા. ૬ થી ૮ ડિસેમ્બર દરમ્યાન મંદિરના છઠ્ઠા પાટોત્સવની ઉજવણી કરવાનું આયોજન કરાયુ છે. એમ એક યાદીમાં કોઠારી સાધુ મંગલ પુરૂષદાસ તથા સતમંડળ દ્વારા જણાવાયુ છે.

### માથાસુર નજીક ડમ્પરે બાઈકને ટક્કર મારતા એકનુ મોત

ઈડર તાલુકાના વિજયનગર ત્રણ રસ્તા નજીક આવેલ માથાસુર ગામ પાસે રવિવારે પસાર થઈ રહેલ એક ડમ્પરના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી અહીંથી પસાર થઈ રહેલ બાઈકને ટક્કર મારતા બે જણાને ઈજા થઈ હતી. ત્યારબાદ ગંભીર ઈજાને કારણે એક જણાનું મોત નીપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે લક્ષ્મીભાઈ શળુજી મેણાતે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ માથાસુર નજીક ગામ પાસેથી રવિવારે સાંજે પોણા છ વાગ્યા સુમારે પસાર થઈ રહેલ ડમ્પર ટ્રક નં. જીજે-૦૯-ઝેડ-૬૪૪૧ના ચાલકે ડમ્પરને ગફલતભરી રીતે હંકારી તેની આગળ જઈ રહેલ બાઈક નં. જીજે-૦૯-ડીઈ-૧૫૭૨ને પાછળથી ટક્કર મારતા બાઈક પર જઈ રહેલ હસમુખ તથા ફ્રાન્ચીચભાઈ ધડાકાભેર જમીન પર પટકાયા હતા. જેથી ગંભીર ઈજાને કારણે હસમુખભાઈનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. ત્યારબાદ ડમ્પરનો ચાલક ભાગી ગયો હતો. જે અંગે લક્ષ્મીભાઈ મેણાતે ભાગી ગયેલા ડમ્પરચાલક વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### પશુઓને બચાવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રમઝાન ખાન સિંધી (ઉં.વ.૨૧)હોવાનું વાત સામે આવી હતી. આઈસરના ચાલક પાસેથી પોલીસે પરમીટ માંગતા સંતોશકારક જવાબ આપી શકયા ન હતા. પશુઓ કયાંથી લાવ્યો અને કયા સ્થળે કોને પહોંચાડવાના છે તે અંગે તપાસ શરુ કરી છે. અડાલજ પોલીસે જાગૃત નાગરીકની ફરીયાદને પગલે પોલીસે રૂ.૨.૨૫ લાખની ભેંસ, ૧૩,૫૦૦ ની કિંમતના પાડા, રૂ.૪ લાખની ટ્રક અને ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.